International Journal of Research in all Subjects in Multi Languages [Author: Shilpaben K. Patel] [Subject: Gujarati/Education]I.F.6.156 | Vol. 9, Issue: 2, February: 2021 (IJRSML) ISSN: 2321 - 2853

# ભામહ અને વામનનો કાવ્યોપયોગી શબ્દવિચારમાં 'સામાસિક પ્રયોગ વિચાર'

શિલ્પાબેન કે. પટેલ
પી.એચ.ડી. સંશોધન વિદ્યાર્થી
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

**ભામહ અને વામન સામાસિક પ્રયોગો અંગે પણ વિચાર કર્યો છે. તેમાં ભામહ અવ્યયીભાવ સમાસવાળા પ્રયોગોમાં જેને અન્તે अम् આવતો હોય તેવા अम्भाव વાળો अपदिशम् (બે દિશાઓનો મધ્યભાગ) પ્રયોગ આદરણીય ગણ છે.** *તેવી રીતે* तिष्ठदगु (कालः) *(જે સમયે ગાયો ઉભી રહે તે ગો-દોહન કાળ) એવા અવ્યયી ભાવ સમાસ (ક્રિયા વિશેષણ) વાળાં રૂપો ભામહને મતે કવિ વિક્તાનાં પોષક છે. વામન આવ્યયી ભાવ સમાનસના સંદર્ભમાં* सरजसम् *એવા પ્રયોગનો નિર્દેશ કરતાં કહે છે કે* सरजसम् *નો પ્રયોગ અવ્યયીભાવ સમાસ સિવાય અન્ય રીતે સિદ્ધ કરવો અશાસ્ત્રીય છે.*

*તત્પુરુષ સમાસના પ્રયોગોના સંદર્ભમાં અમુક સ્થાનોમાં લાલબત્તી ધરતાં ભામહ કહે છે કે 'શિષ્ટ પ્રયોગોના બળે કે ન્યાસકારના મતના બળે ભલે તેવા પ્રયોગોનું સમર્થન થતું હોય, પણ તે* तृजन्त (तृच्+अन्त) *અને* अगन्त (अक्+अन्त) *શબ્દો સાથે ષષ્ટી સમાસ થતો નથી; કારણ કે આવાં સ્થળોમાં* 'तृजकाभ्यां कर्तरि' *(પા. ૨/૨/૧૫) સૂત્રથી ષષ્ટી સમાસનો નિષેધ થાય છે. તેથી* घटस्य निर्माता, ओदमस्य पाचकः' *જેવા શબ્દોનો* घटनिर्माता, ओदनपाचकः *એવો સમાસ થઈ શકે નહીં.*

*હવે કોઈ એમ પ્રશ્ન કરે કે* 'जनिकर्तुः प्रकृतिः' *(પા. ૧/૪/૩૦) સૂત્રના* जनिकर्तुः (जनेः कर्ता तस्य) *એવા જ્ઞાપકને લીધે* तृजन्त *હોય ત્યાં પણ ષષ્ટી સમાસ થઈ શકે, તેથી તો* वृत्रस्य हन्ता - वृत्र हन्ता *એવો પ્રયોગ પણ મળી આવે છે. એવી રીતે* तत्प्रयोजको हेतुश्च *(પા. ૧/૪/૫૫) સૂત્રના* तत्प्रयोजकः (तस्य प्रयोजकः) *એવા જ્ઞાપકને બળે* अगन्त *શબ્દને પણ સમાસ થઈ શકે, અને તેથી* तस्य गमकः - तद्गमकः *એવો પ્રયોગ થાય છે. તો તેમનું શું ? આના જવાબમાં ભામહનું એ મંતવ્ય છે કે જ્ઞાપક નિર્દેશને લીધે થતો સમાસ અનભીષ્ટ માનવો જોઈએ. તેથી ભલે એવો કોઈક*

वृत्रहन्ता, तद्गमकः પ્રયોગો મળી આવે પણ ઉદીયમાન કવિએ તો तृजन्त અને 'अगन्त' શબ્દનો ષષ્ટીતત્પુરુષ સમાસ ન જ કરવો એ હિતાવહ છે.

ષષ્ટી તત્પુરુષના સંદર્ભમાં વામને उच्छषष्ठम्, धान्यषष्टम् શબ્દોના પ્રયોગ વિષે વિચાર કર્યો છે. મહાકવિ કાલિદાસે[૪૭] કરેલ 'उच्छषष्ठम्' પ્રયોગમાં उच्छानां षष्ठम् એવો ષષ્ટી તત્પુરુષ સમાસ શક્ય નથી. કારણ કે षण्णां पूरणः षष्ठः એ षष्ठ શબ્દ પૂરણ પ્રત્યયાન્ત હોવાથી 'पूरण-गुण' (પા. ૨/૨/૧૧) સૂત્રથી ષ.ત.સ.નો નિષેધ થાય છે. આના જવાબમાં વામનનું કહેવું છે કે અહીં षष्ठ શબ્દ પૂરણ પ્રત્યયાન્ત નથી. પણ षष्ठो भाग इति षष्ठ એમ षष्ठ શબ્દ 'ભાગ પ્રત્યયાન્ત' છે. તેથી નિષેધનો સવાલ જ જાગતો નથી.

આ જ તત્પુરુષ સમાસના સંદર્ભમાં વામને आमूललोलम् (તત્પુરુષઃ મયૂરવ્યંસકાદિ સમાસ) मधुपिपासुः, पत्रपीतिमा, हस्ताग्रम्, बिम्बाधरः જેવા પ્રયોગોની પણ ચર્ચા કરી છે. દ્વિગુસમાસના સંદર્ભમાં ભામહે पश्वराज्ञी, त्रिलोकी જેવા શબ્દોનો આદર કરી વિચારણા કરી છે, તો વામને त्रिवली ને સંજ્ઞાશબ્દ માનીને તેના સમાસ-સાધુત્વની વિચારણા કરી છે.

મહાકવિ કાલિદાસે 'अग्रहस्त' શબ્દનો માલવિકાગ્નિમિત્ર તથા અભિજ્ઞાન શાકુન્તલ માં પ્રયોગ કર્યો છે. અહીં 'अग्रश्चासौ हस्तश्च' આવા વિગ્રહવાળો કર્મ ધારય સમાસ વસ્તુતઃ અભીષ્ટ છે. પણ हस्तस्य अग्रम એવા વિગ્રહવાળો ષષ્ટી તત્પુરુષ પણ શક્ય છે તો શું કરવું જોઈએ એવા પ્રશ્નના જવાબમાં વામનના મતે આ બંને સમાસ અભીષ્ટ છે. વામનના કથન પ્રમાણે अग्रहस्तः માં હસ્તનો અગ્રભાગ ગુણ (અવયવ) અને હસ્ત ગુણી (અવયવી) એમ માની 'गुणगुणिनोरभेदः' એ નિયમથી ગુણ અને ગુણીને અભિન્ન માનીને કર્મધારય સમાસ થઈ શકે છે; જ્યારે हस्ताग्रम् માં ભેદની વિવક્ષા કરી अप्रहस्त પ્રયોગ પણ સાધી શકાય છે.

મહાકવિ કાલિદાસે 'बिम्बाधरः' શબ્દનો પ્રયોગ મેઘદૂત, માલવિકાગ્નિમિત્ર, શાકુન્તલમાં કર્યો છે. અહીં बिम्ब इव अधरः એવો વિગ્રહ થતાં 'उपमितं व्याघ्रादिभिः सामान्याप्रयोगे' (પા. ૨/૧/૫૬) સૂત્રથી ઉપમેય વાચક अधर શબ્દનો સમાસ થતાં, તેનો પૂર્વ નિપાત થતાં अधरबिम्बः પ્રયોગ થવો જોઈએ. बिम्बाधरः નહીં. આ બાબતનો જવાબ આપતાં વામન કહે છે કે 'बिम्बाकारः अधरः' (બિંબ ફળના આકાર જેવો અધરોષ્ટ, એવો મધ્યમ પદ લોપી સમાસ કરવામાં આવતાં बिम्बाधरः

પ્રયોગની સિદ્ધિ થઈ શકે છે. કારણ કે આ એક શિષ્ટ પ્રયોગ છે. શિષ્ટોએ કરેલા આ રીતના પ્રયોગમાં આવો વિધિ થઈ શકે છે.૫૫.अ

બહુવ્રીહિ સમાસ ધરાવતા પ્રયોગોની બાબતમાં ભામહને કંઈ વિશેષ કહેવું જણાતું નથી. જ્યારે વામને આ સમાસવાળા પ્રયોગો વિષે પણ ઠીક ઠીક વિચાર કર્યો છે. धृत्तधनुषि, दुर्गन्धिः, सुदती, क्षतद्‌ढोरसः, એ સમાસાન્ત પ્રત્યયવાળા બહુવ્રીહિ પ્રયોગો अपाङ्गनेत्रा, એ અલુક્ બહુવ્રીહિ, જેમાં પુંવદ્‌ભાવ થાય છે તે द्रढभक्तिः, श्लिष्टप्रियः આદિ શબ્દોનો વામને વિચાર કર્યો છે. धृत्तधनुषि ને બદલે धृत धन्वनि, दुर्गन्धिः ને ઠેકાણે दुर्गन्धः, अपाह्ननेत्रा ને સ્થાને अपाङ्गनेत्रा એમ થવું જોઈએ તેમ વામન કહે છે, કારણ કે अपाङ्गे (સપ્તમી એ.વ.) नेत्रे यस्यां सा માં अपाङ्ग પછી આવેલ સપ્તમી વિભક્તિનો (લુક્) લોપનો પાણિનિના એક સૂત્ર (अमूर्ध मस्तकात् स्वाङ्गादकामे' (પા. ૬/૩/૧૨) થી નિષેધ થાય છે. તેથી अपाङ्गेनेत्रा એવો જ પ્રયોગ થવો જોઈએ જો  કે આપણે તો अपाङ्ग, नेत्रा શબ્દથી જ ટેવાયેલા છીએ. કાલિદાસે પણ अपाङ्गनेत्रा એવો જ પ્રયોગ કર્યો છે.

આ બહુવ્રીહિ સમાસની ચર્ચાના સંદર્ભમાં વામને सुदती એ પ્રયોગમાં જે ચર્ચા કરી છે તે પણ રસપ્રદ છે. અહીં એક પ્રશ્ન ઉભો થાય છે. કે शोभनाः दन्ताः यस्यां सा એવા વિગ્રહમાં दन्तના સ્થાનમાં સમાસાન્ત दतृ આદેશ અમુક બાલ્ય વય બતાવવાની હોય તો થાય છે. તે હિસાબે પાર્વતીએ બાલ્યાવસ્થામાં 'उमा' એવું નામ પ્રાપ્ત કર્યું તે સંદર્ભમાં કરાયેલ सुदती પ્રયોગ છે. અને તે બરાબર છે. પણ જ્યારે પોતાના પતિ શિવના દક્ષે કરેલા અપમાનથી તે સતીએ શરીરનો ત્યાગ કર્યો એ સંદર્ભમાં બાલ્યવયનું સૂચન ન હોવા છતાં પણ કાલિદાસે सुदती પ્રયોગ કર્યો છે. એટલે કે दन्त ના સ્થાને दतृ આદેશ કરવામાં આવ્યો છે તે કેવી રીતે બની શકે એના જવાબમાં વામને બે એક વ્યાકરણ શાસ્ત્રીય સૂત્રો આપ્યાં છે, અને सुदती શબ્દની સિદ્ધિ બતાવી છે.

બહુવ્રીહિ સમાસ ધરાવતા આવા જ એક द्रढभक्तिः એવા પ્રયોગમાં વામને કરેલી પુંવદ્‌ભાવની ચર્ચા પણ નોંધ પાત્ર છે. મહાકવિ કાલિદાસે द्रढभक्तिः શબ્દનો પ્રયોગ કર્યો છે. અહીં द्रढा भक्तिर्यस्य सः એવા વિગ્રહમાં द्रढा શબ્દનો स्त्रियाः पुंबद् (પા. ૬/૨/૩૪) સૂત્રથી પુંવદ્‌ભાવ શક્ય નથી. કારણ કે द्रढ શબ્દનો તેની પછી प्रिय કે प्रियादि ગણ (ગ્રુપ) ના શબ્દો આવેલ હોય તો પુંવદ્‌ભાવ થતો નથી. (અહીં भक्ति શબ્દનો પ્રિયાદિગણમાં પાઠ છે) તો કાલિદાસ જેવા એ द्रढभक्तिः જેવો પ્રયોગ કેવી રીતે કર્યો ? એ પ્રશ્નના જવાબમાં વામનનું મંતવ્ય છે કે અહીં द्रढा

**भक्तिर्यस्यस:** ને બદલે **द्रढ** (ક્રિયા વિશેષણ) અસ્ત્રીલિંગ **द्रढ** શબ્દ રાખીને **द्रढभक्तिः** પ્રયોગની સિદ્ધિ કરવી જોઈએ.

દ્વન્દ્વ સમાસના કોઈ પ્રયોગ વિષે ભામહને કંઈ ખાસ કહેવાનું જણાતું નથી. જ્યારે વામને દ્વન્દ્વ સમાસમાં **कृमिकीटानाम्** જેવા બહુવચનના પ્રયોગોને બદલે **कृमिकीटम्** એવી રીતે **खरोष्ट्रम्** જેવો પ્રયોગોનો આદર કર્યો છે.

એકશેષ સમાસમાં ભામહે **वरुणौ, इन्द्रौ** જેવા પ્રયોગોમાં **वरुणानी च वरुणश्चेति वरुणौ, इन्द्राणी च इन्द्रश्चेति इन्द्रौ** માં **'पुमान् स्त्रिया'** (પા૦ ૧/૨/૬૭) સૂત્રથી થતા એકશેષનો આદર કર્યો છે. **'पुमान् स्त्रिया'** નો અર્થ આ છે: જ્યાં સ્ત્રી વાચક શબ્દ સાથે પુંવાચક શબ્દનો પ્રયોગ થાય તો તેમાં પુંવાચક શબ્દ બાકી રહે છે અને સ્ત્રીવાચક શબ્દનો લોપ થાય છે.

ભામહના આ દૃષ્ટિબિંન્દુનો વામને વિરોધ કર્યો છે. શબ્દશુદ્ધિના પ્રયોગિક પ્રકરણના આરંભમાં જ જો ખુલ્લું ખુલ્લા ભામહનો વિરોધ વામને કર્યો હોય તો તે આ એક જ સ્થલ મને દેખાયું છે. અહીં વામને તો **रुद्रौ** એવું ઉદાહરણ રાખ્યું છે. **रुद्राणी च रुद्रश्चेति रुद्रौ** એમ કરવામાં આવતો એક શેષ (સમાસ) અશાસ્ત્રીય છે. અને એવો પ્રયોગ અન્વેષ્ય છે. એમ વામન કહે છે. વામનનું મંતવ્ય છે કે **रुद्रौ** જેવા પ્રયોગોમાં સ્ત્રીત્વ અને પુંરત્વકૃત વિશેષતા તો છે જ, પણ એ ઉપરાંત પત્નીકૃત વિશેષતા માલુમ પડે છે. તેથી આવાં ઉદાહરણોમાં **पुमान् स्त्रिया** સૂત્રને અવકાશ રહેતો નથી. આથી **इन्द्रौ भवौ, शर्वौ** જેવા પ્રયોગો પણ ચિંતનીય ઠરે છે.

## પાદટીપ

૧'न सरजसमित्योनव्ययीभावे' । (વામન: ૫/૨/૬૪)

૨शिष्टप्रयोगमात्रेण न्यासकारमतेन च ।

तृचा समस्तषष्टीकं न कथञ्चिद् उदाहरेत् ॥ (ભામહ: ૬/૩૬)

૩तान्युञ्छषष्टाङ्कितसैकतानि शिवानि वस्तीर्थजलाभि कच्चित् । (રઘુવંશ: ૫/૮)

૪'न धान्यषष्टादिषु षष्टीसमासप्रतिषेधः पूरणेन अन्यतद्धितान्तत्वात् । (વામન: ૫/૨/૧૭)

૫'अनेन अङ्गुलीयकेन उद्भिन्नकिरअणकेसरेण कुसुमित इव तेऽग्रहस्तः प्रतिभाति' । (માલવિકાગ્નિ મિત્ર અંક ૧, મિશ્રવિષ્કંભક)

૬'अहो आवेगस्खलितवा गत्या प्रभष्टं मम अग्रहस्तात् पुष्पभाजनम्' (શાકુન્તલ અં. ૪)

૭'हस्ताग्रहस्तादयो गुणगुणिनोर्भेदात्' । (વામનઃ ૫/૨/૨૦)

૮तन्वी श्यामा शिखरिदशना पक्वबिम्भाधरोष्टी । (મેઘદૂત : ઉત્તરમેઘ : શ્લો. ૨૨)

૯रक्ताशोकरुचा विशेषितगुणो बिम्बाधरालत्कक: (માલવિકાગ્નિ મિત્રઃ ૩/૫)

૧૦बिम्बाधरं स्पृशसि चेद् भ्रमर प्रियाया'.... । (શાકુન્તલ : ૬/૨૦)

૧૧'बिम्बाधर् इति वृत्तौ मध्यमपदलोपिन्याम्' (વામનઃ ૫/૨/૧૫)

૧૨(अ)'शिष्टप्रयोगेषु चैष विधि:' (વામનઃ એજન : વૃત્તિઃ)

૧૩'अपाङ्गनेत्रेति लुक् अलभ्य:' (વામનઃ ૫/૨/૭૦)

૧૪'यदियं पुनरप्यपाङ्गनेत्रा परिवृत्तार्धमुखी मयाऽद्य दृष्टा' (વિક્રમોર્વશીય ૧/૧૮)

૧૫वयसि दन्तस्य दतृ । (પા. ૫/૧/૧૪૧)

૧૬तां पार्वतीत्याभिजनेने नाम्ना बन्धुप्रियां बन्धुजनो जुहाव ।
उमेति मात्रा तपसो निषिद्धा पश्चादुमाख्यां सुमुखी जगाम ॥
(પાઠાન્તર સુદતી કુમાર સંભવ : ૧/૨૬)

૧૭यदैव पूर्वे जनने शरीरं सा दक्षरोषात् सुदतो ससर्ज । (કુમાર સંભવઃ ૧/૫૩)

૧૮सुदत्यादय: प्रतिविधेया: । (વામનઃ ૫/૨/૬૭)

૧૯दृढभक्तिरसौ ज्येष्ठे (રઘુવંશઃ ૧૨/૧૯)

૨૦'स्त्रिया: पुंवद् भाषितपुंस्कादनूङ् समानाधिकरणे स्त्रियाम् अपूरणीप्रियादिषु । (પાણિનિઃ ૬/૨/૩૪)

૨૧रुद्रावित्येकशेषोऽन्वेष्य: । (વામનઃ ૫/૨/૧)

## સંદર્ભ ગ્રંથ

૧. ભામહ અને વામનનો કાવ્યોપયોગી શબ્દવિચાર- 'વિદ્યા' ડૉ. ભગવતી પ્રસાદ પંડ્યા. જાન્યુઆરી, ૧૯૯૧ નં. - ૧ પૃ. ૪૭
૨. 'કાવ્યાલંકાર'-પ્રા. ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ. પ્રથમ આવૃત્તિ વર્ષ - ૨૦૦૪, મુદ્રકઃ ધીરજ ગ્રાફિક્સ, અમદાવાદ.